# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Firday** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

- મોન્ટ્રીઅલ સંધિ અને હાઇડ્રોફ્લૂરો કાર્બનને ઘટાડવાના લક્ષ્ય પ્રાપ્તિ ક્ષેત્રે ભારતની નોંધપાત્ર કામગીરીની પ્રશંસા કરતાં રાષ્ટ્રસંઘના પ્રતિનિધિ.
- આવતીકાલે દિલ્હીમાં યોજાનાર ચોથા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ઉદઘાટન સત્રમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સંબોધન કરશે.
- FSSAI એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તહેવારોની મોસમમાં ભેળસેળયુક્ત મીઠાઇઓનાં વેચાણ પર દેખરેખ રાખવાની સૂચના આપી
- ગ્રેટર નોઇડા ખાતે યોજાયેલ સેમિકોન ઇન્ડિયા 2024 સંમેલનનું આજે સમાપન થયું
- કેન્દ્રિય ટૂકડીએ ગુજરાતમાં તાજેતરમાં ભારે વરસાદના લીધે આવેલા પુર અને વરસાદી પાણીથી અસરગ્રસ્ત વિસ્તારોની સર્વેક્ષણની કામગીરી શરૂ કરી
- ભારતની ધ્રુવ કપિલા અને તનિષા કાસ્ટ્રોની જોડીએ વિયેતનામ બેડમિન્ટન સ્પર્ધામાં મિક્સ ડબલ્સની ઇવેન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે..

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# OZONE DAY DIALOGUE

મોન્ટ્રીઅલ સંધિ અને હાઇડ્રોફ્લૂરો કાર્બનને ઘટાડવાના લક્ષ્ય પ્રાપ્તિ ક્ષેત્રે ભારત નોંધપાત્ર કામગીરી કરી રહ્યો છે. રાષ્ટ્રસંઘના વિકાસ કાર્યક્રમ માટે ભારતનાં નિવાસી પ્રતિનિધિ એન્જેલા લુસીગીએ કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા યોજાયેલા આબોહવામાં પરિવર્તન અંગેની મોન્ટ્રીઅલ સંધિ અંગે કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું.

નવી દિલ્હીમાં યોજાયેલા આ કાર્યક્રમને સંબોધતાં પર્યાવરણ મંત્રાલયનાં સચિવ લિના નંદને કહ્યું, મોન્ટ્રીઅલ પ્રૉટોકૉલ અંતર્ગત ભારત પોતાના ભાગીદારો સાથે મળીને સારું કામ કરી રહ્યું છે. મોન્ટ્રીઅલ પ્રૉટોકૉલ એ હવામાં ઑઝોનના આવરણના રક્ષણ માટેની આંતરરાષ્ટ્રીય સંધિ છે. તેમણે ઉંમેર્યું કે, 16મી સપ્ટેમ્બરે ઑઝોન દિવસની ઉજવણી કરાશે.

# SHAH - RAJBHASHA SAMMELAN

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે દિલ્હીમાં યોજાનાર ચોથા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ઉદઘાટન સત્રમાં સંબોધન કરશે. આવતીકાલે હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રહેલાં આ સંમેલનમાં શ્રી શાહ રાજભાષા ગૌરવ અને રાજભાષા ક્રિર્તી પુરસ્કારો એનાયત કરશે. તેમજ રાજભાષા ભારતીય સામાયિકના હીકર જયંતિ અંકનું વિમોચન કરશે.

ઉલ્લેખનીય છે કે, હિન્દીને સત્તાવાર રાજભાષા તરીકે દરજ્જો મળ્યાને 75 વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે આ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# MoU-FCI BETWEEN DFPD

અન્ન અને જાહેર વિતરણ વિભાગ અને ભારતીય અન્ન નિગમ – FCIએ  જાહેર અનાજની ખરીદી અને વિતરણ વ્યવસ્થા અંગે મહત્વના સમજુતી કરાર કર્યા છે. ગ્રાહક બાબતોના કેન્દ્રિય મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, આ સમજુતી કરારમાં અનાજ વિતરણ કામગીરી અંગે ચોક્કસ માપદંડો અને જવાબદેહિતા નિર્ધારિત કરાઈ છે, જેના કારણે જાહેર ભંડોળ દ્વારા દેશમાં અન્ન સલામતી કાર્યવાહીની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરાશે. આ કરારની જોગવાઈના લીધે FCI ની દેશભરમાં થઈ રહેલી કામગીરી વધુ સારી બનશે.

# FSSAI-ADULTERATED SWEETS

ભારતીય અન્ન સલામતી અને ધારાધોરણ સત્તામંડળ - FSSAI એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તહેવારોની મોસમમાં ભેળસેળયુક્ત મીઠાઇઓનાં ઉત્પાદન અને વેચાણ પર કડક દેખરેખ રાખવાની સૂચના આપી છે. FSSAI એ ભેળસેળયુક્ત મીઠાઇઓ બનાવતી દુકાનો પર નિયંત્રણ રાખવા વારંવાર ઝૂંબેશ ચલાવવા પણ જણાવ્યું છે.

એક પત્રમાં FSSAIએ જણાવ્યું છે કે, તહેવારોની મોસમમાં મીઠાઇઓ, સ્વાદિષ્ટ ચીજો, દૂધ, ઘી, માવા અને પનીર જેવી ચીજોની માંગ વધતી હોય છે, આને કારણે કેટલાંક દુકાનદારો આ ચીજોમાં ભેળસેળ કરવા પ્રેરાય છે. આવી દુકાનો પર વિશેષ દેખરેખ રાખવાથી ગેરરિતી થતી અટકશે. FSSAI એ અગ્રણી બજારોમાં ફુડ સેફ્ટી ઓન વ્હિલ્સ તૈનાત કરવાનું સૂચન કર્યું છે.

# એક અગત્યની જાહેરાત

હિન્દી દિવસના અવસરે આકાશવાણીના કેન્દ્રો ઉપરથી સવારે સાત વાગીને 10 મિનિટે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહનો સંદેશ પ્રસારિત થશે. આના પગલે આવતીકાલે સવારના પ્રાદેશિક સમાચાર સાતને 10 ના બદલે 7.20 થી પ્રસારિત થશે અગત્યની જાહેરાત પૂરી થઈ

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

# REV SEMICON INDIA

ગ્રેટર નોઇડા ખાતે યોજાયેલ સેમિકોન ઇન્ડિયા 2024 સંમેલનનું આજે સમાપન થયું છે. ત્રણ દિવસ સુધી યોજાયેલા આ સંમેલનનું ઉદઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું. સમાપન દિને આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં સેમિકોનના મુખ્ય અધિકારી અજિત મનોચાએ કહ્યું કે, સેમિકોન ઇન્ડિયા અત્યાર સુધી કોઈપણ દેશમાં યોજાયેલા સંમેલન કરતાં સૌથી મોટું અને સફળ આયોજન રહ્યું છે. જેમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ સાથે જોડાયેલા 100થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

સિંગાપુરની કંપની કોહ યંગ ટેકનોલોજીના અધિકારી થોમસ લાઉએ કહ્યું કે, આ સંમેલનમાં થયેલી ચર્ચા અને સંયુક્ત સહાસો અંગે થયેલી કાર્યવાહીના કારણે તેમને લાભ થયો છે. ACES ના વિક્રાંત ગુપ્તાએ જણાવ્યું હતું કે, અગાઉ સેમિકન્ડક્ટરનું ઉત્પાદન કેટલાંક દેશોમાં જ થતું હતું અને ભારતને તેમના ઉપર આધાર રાખવો પડતો હતો. પણ સેમિકોન ઇન્ડિયાના લીધે દેશમાં સેમિકન્ડક્ટરના ઉત્પાદન માટે અનુકુળ વ્યવસ્થા ઉભી થઈ રહી છે જેનો લાભ દેશને થશે.

# NIA-SEARCHES

રાષ્ટ્રીય તપાસ સંસ્થા – એન.આઈ.એ. એ કેનેડા ખાતેની ભારતીય હાઈકમિશન ઉપર ખાલિસ્તાનના સમર્થકો દ્વારા કરાયેલા કહેવાતા હુમલાના કેસમાં પંજાબમાં વિવિધ સ્થળોએ દરોડાની કાર્યવાહી કરી છે.

તપાસ સંસ્થાના અધિકારીઓએ મોગા, અમૃતસર, ગુરૂદાસપુર અને જાલંધર જિલ્લાના વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે આ તપાસ સંસ્થાએ કેનેડા ખાતેના ભારતીય હાઈકમિશનની સામે ખાલિસ્તાનના સમર્થકો દ્વારા કરાયેલા દેખાવો બાબતો કેસ નોંધ્યો હતો.

# GUJARAT-FLOOD

કેન્દ્ર સરકારે રચેલી સાત સભ્યોની ટૂકડીએ ગુજરાતમાં તાજેતરમાં ભારે વરસાદના લીધે આવેલા પુર અને વરસાદી પાણીથી અસરગ્રસ્ત વિસ્તારોની સર્વેક્ષણની કામગીરી શરૂ કરી છે.

કેન્દ્રિય ટૂકડીના સભ્યોએ આજે જામનગરમાં પહોંચીને વરસાદી પાણીથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કરાયેલી રાહત કામગીરી અને ભારે વરસાદના પગલે પાક તેમજ અન્ય ક્ષેત્રના નુકસાનની માહિતી અધિકારીઓ પાસેથી મેળવી છે. આ અગાઉ કેન્દ્રિય ટૂકડીના સભ્યોએ વડોદરા, ખેડા, આણંદ, મોરબી અને સુરેન્દ્રનગરના પુરથી અસરગ્રસ્ત વિસ્તારોની માહિતી અધિકારીઓ અને નાગરિકો પાસેથી મેળવી હતી. આ કેન્દ્રિય ટીમના સભ્યોએ વડોદરામાં આજવા સરોવર અને વિશ્વામિત્રી નદી અંગે માહિતી મેળવી હતી.

# BADMINTON VIETNAM SUPER 100

ભારતના ધ્રુવ કપિલા અને તનિષા કાસ્ટ્રોની જોડીએ વિયેતનામ સુપર-100 ઓપન બેડમિન્ટન સ્પર્ધામાં મિક્સ ડબલ્સની ઇવેન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. છઠ્ઠો ક્રમાંક ધરાવતી ધ્રુવ અને તનિષાની જોડીએ ક્વાર્ટર ફાઇનલમાં ભારતની સતિષકુમાર અને આદ્યાની જોડીને 2-1થી પરાજ્ય આપીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

જોકે પુરૂષોની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ભારતના થારૂન મનેપલ્લીનો જાપાનના શોંગો ઓગાવા સામે પરાજ્ય થતાં તેઓ સ્પર્ધામાં બહાર થયા છે.

# MANDAVIYA - SPORTSPERSON

કેન્દ્રિય રમતગમત મંત્રી મનસુખ માંડવીયાએ નિવૃત્ત રમતવીરોને કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં શરૂ કરાયેલા રીસેટ – એટલે કે નિવૃત્ત રમતવીર અધિકાર સંપન્ન તાલિમ કાર્યક્રમમાં જોડાઈને રમતગમત ક્ષેત્રે યોગદાન આપવા અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, રીસેટ કાર્યક્રમ નિવૃત્ત રમતવીરોના અનુભવ અને કૌશલ્યનો લાભ દેશના યુવા રમતવીરોને આપવામાં મદદરૂપ થશે.

આંતરરાષ્ટ્રીય અને રષ્ટ્રીય રમતોમાં ચંદ્રકો જીતનાર અને વીસથી પચાસ વર્ષના નિવૃત્ત એથ્લેટો કેન્દ્ર સરકારના રીસેટ કાર્યક્રમમાં જોડાઈ શકશે.

# JAISHANKAR - UNGA PRESIDENT

વિદેશમંત્રી એસ. જયશંકરે સંયુક્ત  રાષ્ટ્ર સંઘની મહાસભાના અધ્યક્ષ પદનો કાર્યભાર સંભાળવા માટે કેમેરૂનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ફિલેમોન યાંગને અભિનંદન આપ્યા છે.

સોશ્યલ મીડિયા ઉપર શ્રીજયશંકરે જણાવ્યું છે કે, વિકાસશીલ દેશોના મુદ્દાઓને અગ્રતા આપવા માટે રાષ્ટ્રસંઘની મહાસભાનું નેતૃત્વ અગત્યનું હોય છે. તેમણે વધુમાં કહ્યું કે, શ્રી યાંગના નેતૃત્વમાં સમાન લક્ષ્યને હાંસલ કરવામાં રચનાત્મક ભૂમિકા ભજવવા ભારત પ્રતિબધ્ધ છે.

# JAISHANKAR- EK PED MAA KE NAAM

વિદેશમંત્રી એસ. જયશંકરે દેશમાં હાથ ધરાયેલી 'એક પેડ મા કે નામ' ઝૂંબેશ હેઠળ આજે વૃક્ષારોપણ કર્યું છે. આજે સોશ્યલ મીડિયા ઉપર આ અંગે જણાવતા તેમણે કહ્યું કે, આ વૃક્ષારોપણ ભારતની ટકાઉ અને સર્વસમાવેશક ભવિષ્ય પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

આયુષ રાજ્યમંત્રી પ્રતાપ જાધવે પણ વૃક્ષારોપણ કર્યા બાદ જણાવ્યું હતું કે, 'એક પેડ મા કે નામ' ઝૂંબેશ ટકાઉ વિકાસ અને પર્યાવરણના રક્ષણ પ્રત્યેની ભારતની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

# WB-ED-SEARCHES

એન્ફોર્સમેન્ટ વિભાગે પશ્ચિમ બંગાળમાં વાજબી ભાવમાં અનાજના વિતરણમાં કથિત ભ્રષ્ટ્રાચારના કેસમાં વિવિધ સ્થળોએ દરોડાની કાર્યવાહી કરીને તપાસ હાથ ધરી છે.

એન્ફોર્સમેન્ટ વિભાગે 24 પરગણા અને કોલકાતા સહિત વિવિધ જિલ્લાઓમાં ખાસ તપાસ ટૂકડીઓ મોકલી છે. આ ટૂકડીઓ વાજબી ભાવની દુકાનો તથા ગોદામો સહિત વિવિધ સ્થળોએ તપાસ કરી રહી છે.

# BANGLADESH-LANDSLIDE

બાંગ્લાદેશમાં થઈ રહેલા ભારે વરસાદના પગલે કોક્સ બઝાર વિસ્તારમાં આવેલા રોહિંગ્યાના શિબિર નજીક ભેખડો ધસી પડવાના બનાવમાં છ લોકોના મોત નિપજ્યા છે. આ પૈકી ત્રણ વ્યક્તિઓ એક જ પરિવારની હતી. ભારે વરસાદના કારણે 50થી વધુ ગામોમાં અને શહેરોમાં ઘણી જગ્યાએ પાણી ભરાયા છે.